# સિંગલ ફાધર માટે માતા-પિતાની બેવડી ભૂમિકા કેટલી પડકારજનક...?

સિંગલ ફાધર એટલે ‘મા’ અને ‘પિતા’ આ બેવડી ભૂમિકા નિભાવતી વ્યક્તિ. બાળકોનો એકલા હાથે ઉછેર કરવો સિંગલ મધર અને સિંગલ ફાધર બંને માટે પડકારજનક સ્થિતિ હોય છે. સિંગલ ફાધર ના કેવળ કમાવા જાય છે પણ ‘મા’ ની ગેરહાજરીમાં બાળકોની સંભાળ પણ રાખે છે. મનમેળના અભાવે કે બીજાં કોઈ કારણોસર પતિપત્નીના છૂટાછેડા થાય કે પત્નીનું કોઈ કારણોથી નિધન થાય ત્યારે બાળકોની જવાબદારી જ્યારે પુરુષ પર આવે ત્યારે તે પુરુષ સિંગલ ફાધરની ભૂમિકામાં આવી જાય છે. આમ તો અત્યારના જમાનામાં પતિ-પત્ની બંને આર્થિક ઉપાર્જન માટે નોકરી કે બિઝનેસ કરતા હોય છે એટલે જ્યારે તેઓ પેરેન્ટ્સ બને છે ત્યારે બંને વચ્ચે આપમેળે એક સમજ ઊભી થાય છે કે દિવસના અમુક કલાકો માતા બાળકોનું ધ્યાન રાખે અને અમુક કલાક પિતા બાળકોની સંભાળ રાખે એટલે કે બાળક પ્રત્યેની જવાબદારી બંને આપસી સમજમાં વહેંચી લેતાં હોય છે. કોવિડ કાળ દરમિયાન વર્ક ફ્રોમ હોમનો કન્સેપ્ટ અસ્તિત્વમાં આવ્યો હતો ત્યારે આપણા સુરતમાં પણ એવું જોવા મળ્યું હતું કે પુરુષોએ વર્ક ફ્રોમ હોમ દરમિયાન બાળકોની ઘણી જવાબદારી એકલા હાથે ઉઠાવી હતી. જો કે આપણે અહીં એવા સિંગલ ફાધર્સની વાત કરવી છે જેમના ડિવોર્સ થઈ ગયા છે કે વાઈફનું નિધન થતાં બાળકોની સારસંભાળની જવાબદારી પણ તેઓ નિભાવે છે. પત્નીની ગેરહાજરીમાં બાળક નાનું હોય ત્યારે પિતાએ કમાવા પણ જવાનું અને બાળકને સંભાળવું બંને કામ તેઓ કઈ રીતે મેનેજ કરે છે, બાળકના જન્મ બાદ તરત પત્નીનું અવસાન થયું હોય ત્યારે નવજાતને સંભાળવું તેમના માટે કેટલું અઘરું બનતું હોય છે, આખો દિવસ ઓફિસનું કામ કરીને ઘરે આવે ત્યારે થાક હોય એવી સ્થિતિમાં રાત્રે નવજાત બાળક રડવા લાગે ત્યારે બાળકને શાંત કરવા જાગવું પડે અને એવામાં ઊંઘ પૂરી નહીં થાય ત્યારે કેવી સ્થિતિ થતી હોય છે? ચાલો આપણે સુરતના એવા સિંગલ ફાધર્સને મળીએ અને જાણીએ તેઓ કેવી રીતે મમ્મી અને પપ્પા બંનેની બેવડી જવાબદારી નિભાવે છે...



## મારો પ્રેમ મારે વહેંચવો નહોતો એટલે મેં દીકરા માટે બીજા લગ્ન નહીં કર્યા: આનંદ જોશી

નવસારી બજાર બંબાગેટ પાસે રહેતાં 47 વર્ષીય આનંદભાઈ કર્મકાંડી બ્રાહ્મણ છે. આનંદભાઈના બર્થડેના દિવસે જ તેમના વાઈફનું નિધન 2015માં થયું હતું ત્યારે દીકરો ધ્રુવ માત્ર 10 વર્ષનો હતો. આનંદભાઈએ જણાવ્યું કે, ‘‘વાઈફના નિધન બાદ મેં બીજા લગ્ન નહીં કર્યા કારણ કે હું મારો પ્રેમ વહેંચવા માંગતો નહોતો અને એટલે જ દીકરાને બધો જ પ્રેમ આપવા મેં બીજા લગ્ન નહીં કર્યા અને કરવાનો પણ નથી. દીકરાના જન્મના 10 વર્ષ બાદ મારી બર્થડેના દિવસે જ 30 સપ્ટેમ્બર 2015ના દિવસે વાઈફને બ્રેઈન સ્ટ્રોક આવ્યો અને હેમરેજ થતાં તેનું નિધન થયું. એ સાથે મારી જવાબદારી વધી. મારે મમ્મી અને પપ્પા બંને જવાબદારી નિભાવવાની આવી. દીકરો માત્ર 10 વર્ષનો હતો તે મમ્મી માટે રડતો હતો. તેને રડતાં જોઈ હું રડી પડતો. મમ્મી આપણી સાથે જ છે, તે આપણું ધ્યાન રાખે જ છે એવી વાતો કરીને હું દીકરાને શાંત કરતો. સ્કૂલે મૂકવાલેવા તો વેન હતી પણ ટ્યુશન મૂકવા-લેવા જવાનું મારે કરવું પડતું. દીકરાને સાચવવા 2 વર્ષ તો મેં મારું કામ છોડી દીધું હતું. હું કર્મકાંડી તરીકેના મારાં કામ માટે મુંબઈ, અમદાવાદ, વડોદરા જતો તે જવાનું પાંચ વર્ષ બંધ કરી નાખ્યું હતું. જો સવારે કોઈના લગ્ન હોય તો હું બીજા મારા સાથી ભૂદેવને શરૂઆત કરાવવા મોકલી દેતો અને દીકરાનું બધું કામ પૂરું કરી પછી હું સ્થળ પર જતો. યજમાન સમજદાર એટલે એ લોકો મારી સ્થિતિ સમજતા. દીકરાના કેટલાંક કામ મારાં મમ્મી પણ મેનેજ કરી મને સપોર્ટ કરતાં. હવે તો મારો દીકરો કોલેજ જતો થઈ ગયો છે. હવે તે મારી સંભાળ રાખવા લાગ્યો છે. મને ડાયાબિટીસ આવ્યો તો હવે મારે ક્યારે દવા લેવાની, ક્યારે વોકિંગ કરવા જવું તે માટે દીકરો મને એલર્ટ કરતો હોય છે. મને હજી પણ યાદ છે મારી વાઈફના નિધન બાદ મારા દીકરાના ચહેરા પરથી સ્માઈલ ચાલી ગઈ હતી. એ સમય ઘણો ડિફિકલ્ટ હતો પણ ઉપરવાળો સાથે છે એટલે બધું મેનેજ થઈ રહ્યું છે.’’ ♦



## દીકરીની સંભાળ માટે મારી મમ્મી, મારા ઇનલોઝ અને પાડોશીનો સપોર્ટ મળે છે: જીતેન ગજ્જર

પાલનપુર જકાતનાકા વિસ્તારમાં રહેતાં 31 વર્ષીય જીતેનભાઈ ગજ્જર એન્જિનિયર છે. તેમણે જણાવ્યું કે, ‘‘મારી દીકરી હાલમાં 16 મહિનાની છે. તેનો ચહેરો જોઈ જોઈને હું જીવી રહ્યો છું. મારી પત્ની અમારી દીકરી માત્ર 7 મહિનાની હતી ત્યારે બીમારીમાં તેનું નિધન થયું હતું. પત્નીનું નિધન થયું છે તે સ્વીકારવું મારા માટે ઘણું અઘરું રહ્યું પણ દીકરીના ચહેરાને જોઈ જોઈને તેની સાથે ખાસ્સો ટાઈમ સ્પેન્ડ કરીને હું હવે ધીરે ધીરે રૂટિન લાઈફમાં આવી રહ્યો છું. મારે ઓફિસમાં 9થી 10 કલાક આપવાના હોય તે પછીનો સમગ્ર સમય મારી દીકરી માટે હોય. શનિવારે હું સાંજે 5 સુધી ઓફિસમાં રહું પછીનો સમય અને આખો રવિવાર મારી દીકરી માટે જ હોય. હું ઓફિસમાં હોઉં ત્યારે દીકરીની સંભાળ મારી મમ્મી રાખે. મને મારા ઈન લૉઝનો સપોર્ટ પણ ઘણો મળી રહે છે. મારા પાડોશીઓનો પણ દીકરીની સંભાળ માટે સપોર્ટ મળે છે. મારે દીકરીને લાડકોડથી ઉછેરવી છે અને મોટી કરવી છે. અત્યારે મારા જીવનનું ધ્યેય મારી દીકરીનાં જે સપનાં હશે તે પૂરાં કરવાનું છે. મેં અને મારી પત્નીએ દીકરીનો ફર્સ્ટ બર્થડે ભવ્ય રીતે સેલિબ્રેટ કરવાનું વિચાર્યું હતું પણ પત્નીના નિધન બાદ દીકરીનો ફર્સ્ટ બર્થડે નોર્મલ રહ્યો. હું ભવ્ય રીતે સેલિબ્રેટ નહીં કરી શક્યો તે અફસોસ છે. જ્યારે દીકરી કોઈ કારણથી રડી પડે તો મારી આંખમાંથી પણ આંસુ નીકળી પડે છે. એવી પણ રાતો રહી છે કે તેના માટે હું આખી આખી રાત જાગ્યો છું.’’ ♦



## પત્નીના નિધન બાદ અઠવાડિયું તો હું દીકરાને જોઈને રડી પડતો: કૃણાલ સોની

જહાંગીરપુરા વિસ્તારમાં રહેતાં 29 વર્ષીય કૃણાલભાઈ વ્યવસાયે ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ છે. તેમણે સિંગલ ફાધર તરીકેની અત્યારે ચાલી રહેલી તેમની જર્ની વિશે વિસ્તૃતમાં જણાવ્યું કે, ‘‘ગયા વર્ષે 2024માં 15 નવેમ્બરે મારી વાઈફે રાત્રે હોસ્પિટલમાં દીકરાને જન્મ આપ્યો અને સવારે તેનું નિધન થયું. દીકરાના જન્મની ખુશી મનાવીએ તે પહેલાં વાઈફ નથી રહી તે સમાચારે તો મને એકદમ સ્તબ્ધ કરી દીધો. હું તો બેભાન થઈ ગયો. મારા પાર્ટનર નિકુંજે બે દિવસ સ્થિતિને હેન્ડલ કરી. એક અઠવાડિયું તો હું બાળકને જોતો અને રડવા લાગતો. દીકરાને કઈ રીતે સંભાળીશ સમજાતું જ નહોતું. ડૉકટરના કહેવા પર દીકરાને પાઉડરનું દૂધ પીવડાવતા. દીકરો રડે તો તેને શાંત કરવો બહુ ડિફિકલ્ટ લાગતું પણ મમ્મીનો સપોર્ટ રહ્યો. સવારે હું ઓફિસ જાઉં પછી મમ્મી તેને સાંજ સુધી સંભાળે. હું સાંજે 5-6 વાગે તો ઘરે આવી જાઉં અને તેની સાથે રમું, તેને જમાડું અને તેને સુવડાવું. મમ્મી સાંજે હું ઓફિસથી ઘરે આવું પછી સબ્જી લેવા જાય અને બીજાં કામો પતાવે. હમણાં રિટર્નનું ઘણું કામ હતું ત્યારે તો હું સાંજે 5-6 વાગે ઘરે આવી જાઉં અને તેની સાથે થોડો સમય વિતાવું અને તે સૂઈ જાય પછી હું રાત્રે ઓફિસ જઈને રાત્રે 2 વાગ્યા સુધી ઓફિસનું કામ કરતો હતો. મારી મમ્મી મારા દીકરાને સાંભળે છે એટલે જ મને ઘણી રાહત છે. હું તો મારા દીકરાના ડાયપર પણ બદલું છું. મારો દીકરો પણ બહુ સમજદાર હોય એવું મને લાગતું હોય કેમ કે તે બહુ હેરાન નથી કરતો. જેમ બીજાં નાનાં બાળકો કરતાં હોય છે એવું મારો દીકરો નથી કરતો.’’ ♦



## વાઈફના નિધન બાદ બાળકો સાથે જરાક પણ સ્ટ્રીકટ થવું અઘરું હતું કેમ કે તેઓ રડી પડતાં: સમીર મોદી

કામરેજના વાવ ગામમાં રહેતાં 47 વર્ષીય સમીર મોદી રિયલ એસ્ટેટના વ્યવસાય સાથે જોડાયેલા છે. તેમણે જણાવ્યું કે, ‘‘2020માં મારી પત્નીનું લીવરના કેન્સરને કારણે નિધન થયું હતું. એ વખતે મારો નાનો દીકરો 11 વર્ષનો અને મોટો દીકરો 16 વર્ષનો હતો. મારાં બંને બાળકો ભણવામાં ખૂબ તેજસ્વી હતાં પણ પત્નીના નિધન બાદ હું બાળકોના સ્ટડી તરફ ધ્યાન નહીં આપી શક્યો અને તેમાં તેઓનું ભણતર ડાઉન થયું તો મેં અડાજણ છોડયું અને મારાં પેરેન્ટ્સ પાસે વાવ શિફ્ટ થઈ ગયો. એ પહેલાં પેરેન્ટ્સ અને મિત્રો તથા સગાંસંબંધીઓના કહેવા પર મેં બીજા લગ્ન કર્યા પણ 5 મહિનામાં જ બીજી પત્ની સાથે અરસપરસની સમજૂતીથી ડિવોર્સ થઈ ગયા. બાળકો નાનાં હતાં અને મમ્મીને ભૂલી નહોતાં શકતાં એવી સ્થિતિમાં જો કોઈ કારણથી મારે બાળકો પર જરાક પણ સ્ટ્રીકટ થવું પડે તો તે મારા માટે અઘરું હતું કેમ કે બાળકો રડી પડતાં. મેં મન મક્કમ કરીને નાના દીકરાને ત્રણ વર્ષ માટે હોસ્ટેલમાં મૂક્યો. મોટો દીકરો પણ ભણવામાં ખૂબ હોંશિયાર તેણે તેની મમ્મીને પ્રોમિસ આપ્યું હતું કે તે ડૉકટર બનશે પણ હું દીકરા પર અભ્યાસને લઈને કોઈ પ્રકારનું પ્રેશર નાંખવા નહોતો માંગતો એટલે મેં દીકરાને કહ્યું તેને જેમાં કમ્ફર્ટ લાગે તેમાં કારકિર્દી બનાવે. આજે મારો મોટો દીકરો M.B.B.S. કરી રહ્યો છે. પત્નીના નિધન બાદ મારે બાળકો માટે જેટલો સમય આપવો જોઈતો હતો તેટલો સમય આપી શકતો નહોતો. બાળકો એમને શું જોઈએ તે ખૂલીને મને નહોતાં કહી શકતાં. હું જ ધ્યાન આપવા લાગ્યો કે તેમની પાસે ઘરમાં અને બહાર પહેરવાનાં કપડાં કેટલાં છે અને કેટલાં કપડાંની જરૂરિયાત છે. તેમને ખાવામાં શું ભાવે છે તેનું ધ્યાન રાખવાનુ મેં શરૂ કર્યું. હું મધર તથા ફાધર બંનેની ભૂમિકા નિભાવું છું.’’ ♦



ઘર સ્ત્રીથી જ બનતું હોય છે. તે ગૃહિણી બનીને ઘરનાં કામોની જવાબદારી ઉઠાવે છે. તે બાળકો માટે મમતાની મૂર્તિ હોય છે. જો કે અગર સ્ત્રીનું અવસાન થાય તો તે ઘર પર દુઃખોના પહાડ તૂટી પડે છે. તે ઘરના પુરુષ માટે લાઈફ અઘરી બની જતી હોય છે કારણ કે તેને હવે બે મોરચે લડવાનું હોય. બાળકોને પણ સંભાળવાનાં હોય છે અને આર્થિક ઉપાર્જન માટે ઘરની બહાર પણ જવાનું હોય છે. જ્યારે સંકટની સ્થિતિ આવે ત્યારે ઘણા પુરુષો નાસીપાસ થઈ જતા હોય છે પણ પછી બાળકોના ચહેરા જોઈ પુરુષ હિંમત એકઠી કરી બંને જવાબદારીઓ નિભાવવા પોતાને તૈયાર કરે છે અને ત્યારે પુરુષ સિંગલ ફાધરની સ્થિતિમાં માતા અને પિતા બંનેની ભૂમિકા નિભાવે છે.

## પહેલાં ઇન્કમ પર ફોક્સ વધારે હતું હવે દીકરા પર ફોક્સ વધારે છે: વિશાલ બોકડીયા

પાલનપુર અડાજણ વિસ્તારમાં રહેતાં 46 વર્ષીય વિશાલ બોકડીયા મ્યુઝિશિયન છે. તેઓ સિંગિંગ પણ કરે છે અને 8થી 10 પ્રકારના ઈન્સ્ટ્રુમેન્ટ પણ વગાડે છે. તેમણે જણાવ્યું કે, ‘‘મારી વાઈફનું નિધન 5 મહિના પહેલાં હાર્ટ એટેકને કારણે થયું હતું. ઘર સ્ત્રીથી જ બનતું હોય છે. અમે ઘરમાં ત્રણ જણ જ હતાં- હું, મારી વાઈફ અને દીકરો. હવે વાઈફ નથી રહી તો દીકરો કૌટિલ્ય અને હું બંને ઘણા અપસેટ છીએ. દીકરો પણ મ્યુઝિકના ફિલ્ડમાં છે એટલે અમે બંને મ્યુઝિકનો સહારો લઈને આ દુઃખમાંથી બહાર નીકળવાની કૌશિશ કરી રહ્યાં છીએ. હું મ્યુઝિકના કલાસ ચલાવું છું. હવે કલાસ માટે સમય ઓછો આપું છું અને ઘર માટે વધારે કારણ કે મારે દીકરાને ઈમોશનલ સપોર્ટ વધારે આપવો પડે છે. પહેલાં મારું ફોક્સ કમાવા પર વધારે હતું અને હવે ઘર પર ફોક્સ વધારે છે. પહેલાં કલાસમાં વહેલો જતો હવે થોડો મોડો જાઉં છું. આમ તો ઘરનાં કામો માટે સર્વન્ટ છે અને કૂક પણ છે. જો કે દીકરાનું ટિફિન હું તૈયાર કરું છું. અમારી પર જે દુઃખ આવી પડ્યું છે તેમાંથી અમે મુવ થઈએ તે માટે અમને અમારા ફ્રેન્ડ્સનો મોરલ સપોર્ટ પણ મળી રહ્યો છે. મ્યુઝિક તમારાં દુઃખોને હળવા કરવા માટેનું બહુ મોટું સાધન છે એટલે અમે ઘરે પણ મ્યુઝિકમાં ઓતપ્રોત રહીએ છીએ. અમે ઘરનાં કામો મેનેજ નથી કરતા બસ થઈ જાય છે. મારી વાઈફ હતી ત્યારે અમે ત્રણે લાઈફને ખૂબ એન્જોય કરતાં પણ હવે એ ચાર્મ નથી રહ્યો. આ વખતની દિવાળી અહીં સુરતમાં મનાવવાની ઈચ્છા નહોતી. ઘર ખાલી ખાલી લાગતું હતું એટલે હું અને મારો દીકરો અમારા વતન રાજસ્થાન ચાલ્યા ગયા હતા.’’ ♦




## દીકરો સાવ નાનો હતો અને તે કોઈ તકલીફને કારણે રડે તો તેને ચૂપ કરવું બહુ અઘરું હતું: સંકેત શાહ

અઠવાગેટ વિસ્તારમાં રહેતાં 36 વર્ષીય સંકેતભાઈ સ્ટોક માર્કેટ ટ્રેડિંગમાં છે. તેમણે જણાવ્યું કે, ‘‘2019માં પત્ની રિદ્ધિએ દીકરાને જન્મ આપ્યો અને તેના 26 દિવસ બાદ તેનું નિધન થયું. બાળકના જન્મ બાદ પત્નીની તબિયત ખરાબ થઈ હતી એટલે તે નવજાત બાળકને સાચવી શકતી નહોતી. બાળકના જન્મના ફર્સ્ટ ડેથી જ હું, મારી મધર અને મારા ફાધર બાળકને સાચવતાં. એ સ્થિતિ એવી હતી કે એક વર્ષ તો હું ડિસ્ટર્બ રહ્યો પછી એક વર્ષ કોવિડમાં ગયો. બે વર્ષ બાદ હું ફરી જોબ પર જવા લાગ્યો. સવારે 9 થી સાંજે 4 વાગ્યા સુધી હું જોબ પર રહું. તે દરમિયાન મારી મમ્મી દીકરા આદિને સંભાળે. પછી સાંજે 4થી રાત્રે દસ-સાડા દસ સુધી દીકરો નહીં ઊંઘે ત્યાં સુધી હું તેને સાચવું. સવારે તેને નવડાવવાનો, નાસ્તો કરવાનો, સ્કૂલ માટે રેડી કરવાનો, તેનું હોમવર્ક કરાવવાનું અને તેની સાથે રમવાનું, તેને ફરવા લઈ જવાનું આ બધાં કામ હું કરું. મારી મમ્મી તેને લંચ કરાવે, ડિનર કરાવે. મારો દીકરો હવે 7 વર્ષનો થયો છે પણ મારા માટે સૌથી કપરો કાળ તે 3-4 વર્ષનો હતો ત્યારે હતો. તેને પેટમાં દુખતું હોય અને તે રડતો હોય એ વખતે તેને શાંત કરવો ખૂબ ડિફિકલ્ટ હતું. દીકરો તેની દાદીને મમ્મી માને છે. જો કોઈ તેને કહે કે તારી બા તને બોલાવે છે તો તે જવાબ આપશે કે તે મારી બા નહીં મારી મમ્મી છે. જો કે તેને ખબર છે કે તેની મમ્મી રિદ્ધિ સ્ટાર બની ગઈ છે. હું જ્યારે સાંજે ઓફિસેથી ઘરે આવું ત્યારે દીકરો દોડતો આવીને મને ભેટી પડે અને હું બધો થાક તેને જોઈને ભૂલી જાઉં છું. તે મારા ચહેરાનું સ્મિત છે.’’ ♦



